# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22/09/2026** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે એકતા નગર ખાતે 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો એનાયત કરશે.**
2. **અમદાવાદ એરપોર્ટ પર બેંગકોકથી આવેલા મુસાફર પાસેથી 8 કરોડ 90 લાખની કિમતનો માદક પદાર્થ ઝડપાયો.**
3. **ભાદરવી પૂનમ મેળાના બીજા દિવસે 4.25 લાખથી વધુ માઈભક્તોએ મા અંબાના દર્શન કર્યા.**
4. **રાજ્યમાં આગામી છ દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી.**
5. **એશિયન રમતોત્સવમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમ આજે સુવર્ણ ચંદ્રક જીતવાના ઇરાદા સાથે શ્રીલંકા સામે ટકરાશે.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# PRESIDENT VISIT KEVADIA

**ભારતીય સિનેમામાં એક નવા અધ્યાયની શરૂઆત કરતા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે કેવડિયા સ્થિત એકતા નગર ખાતે 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો એનાયત કરશે. આ પુરસ્કારો ફીચર ફિલ્મો, નોન-ફીચર ફિલ્મો અને સિનેમેટોગ્રાફી સહિત વિવિધ શ્રેણીઓમાં કલાત્મક અને તકનીકી શ્રેષ્ઠતાને માન્યતા આપે છે.**

**માહિતી અને પ્રસારણ મંત્રાલયની નવી નીતિના ભાગ રૂપે, આ પુરસ્કારો રાષ્ટ્રીય રાજધાનીની બહાર યોજાઇ રહ્યા છે. આ સમારોહમાં દેશભરની સિનેમેટિક પ્રતિભાઓ ભાગ લેશે. રાષ્ટ્રપતિ પીઢ ફિલ્મ અભિનેતા અનંત નાગને વર્ષ 2024 માટે દાદાસાહેબ ફાળકે પુરસ્કાર પ્રદાન કરશે.**

**સાંભળીએ એક અહેવાલ…….**

## VOICE CAST: HANSINI VAJA

***(સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી મોટી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની બાજુમાં ઐતિહાસિક 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહ માટે તૈયાર કરાયેલા ભવ્ય સ્ટેજને રોશનીથી શણગારવામાં આવ્યો છે. એકતા નગર પહેલીવાર આ ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવા માટે તૈયાર છે. ભારતીય સિનેમાની આ ભવ્ય ઉજવણીમાં ભાગ લેવા માટે દેશભરના પ્રખ્યાત કલાકારો, ફિલ્મ નિર્માતાઓ અને ટેકનિશિયનો એકતા નગરમાં પહોંચી રહ્યા છે.***

***આ સમારોહમાં વર્ષ 2024ના શ્રેષ્ઠ સિનેમેટિક કાર્યોનને સન્માનિત કરાઇ રહ્યા છે. આ વર્ષે , આર્ટિકલ 370 ને શ્રેષ્ઠ ફીચર ફિલ્મ અને યામી ગૌતમને શ્રેષ્ઠ અભિનેત્રી તરીકે પસંદ કરવામાં આવ્યા છે. મલયાલમ ફિલ્મ ભ્રમયુગમ માટે મામૂટી અને હિન્દી ફિલ્મ ચંદુ ચેમ્પિયન માટે કાર્તિક આર્યને સંયુક્ત રીતે શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ જીત્યો છે. રાજકુમાર પેરિયાસામીને અમરન માટે શ્રેષ્ઠ દિગ્દર્શક તરીકે અને તેલુગુ ફિલ્મ કલ્કી 2898 એ.ડી.ને શ્રેષ્ઠ લોકપ્રિય ફિલ્મ તરીકે પસંદ કરાઇ છે. સ્વતંત્ર વીર સાવરકર માટે રણદીપ હુડ્ડાને શ્રેષ્ઠ ડેબ્યુ દિગ્દર્શક , નોન-ફીચર કેટેગરીમાં, મરાઠી ફિલ્મ ભાંગરને શ્રેષ્ઠ નોન-ફીચર ફિલ્મ તરીકે, રવિ રાજ મુર્મુને સંથાલી ફિલ્મ અંગીન માટે શ્રેષ્ઠ ડેબ્યુ ડિરેક્ટર તરીકે અને આનંદ એલ રાયને સ્ટેચ્યુ ઓફ યુનિટી - સિમ્બોલ ઓફ યુનિટી માટે શ્રેષ્ઠ ડિરેક્ટર તરીકે પસંદ કરવામાં આવ્યા છે. હંસીની વાજા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)***

# AHMEDABAD AIRPORT DRUG

અમદાવાદ એરપોર્ટ ખાતે બેંગકોકથી આવેલા મુસાફર પાસેથી **8** કરોડ **90** લાખની કિમતનો માદક પદાર્થ ઝડપાયો છે. થાઈ એરવેઝની ફ્લાઈટમાં આવી રહેલા એક મુસાફરના સમાનની તપાસ કરતાં **14** પેકેટમાં છુપાવેલો **8** કિલો **918** ગ્રામ હાઈડ્રોપોનિક ગાંજો મળી આવ્યો હતો. આ કેસમાં ધરપકડ કરાયેલ મુસાફર મૂળ મુંબઇ હોવાનું સામે આવ્યું છે.

# AHMEDABAD DRUG

અમદાવાદના ગોમતીપુર પોલીસે એક સ્કૂટર ચાલક પાસેથી દોઢ લાખથી વધુ કિંમતનો 3 કિલોગ્રામથી વધુ માદક પદાર્થ જપ્ત કર્યો છે. આ કેસમાં આરોપી ફરદીન ઉર્ફે ડબવાન હુસૈનની ધરપકડ કરવામાં આવી હોવાનું એસીપી કૃણાલ દેસાઈએ જણાવ્યું હતું.

## BYTE - KRUNAL DESAI, ACP

# SEVA SETU

રાજ્યમાં નાગરિકોને સરકારી સેવાઓ તથા લોકકલ્યાણકારી યોજનાઓનો લાભ સરળતાથી મળી રહે તે હેતુથી સેવા સેતુ કાર્યક્રમ યોજાઇ રહ્યા છે.

ડાંગ જિલ્લામાં 'સેવાસેતુ 2.1' કાર્યક્રમ અંતર્ગત જન આરોગ્ય કાર્ડ અને વૃદ્ધ પેન્શન યોજનાના હુકમો સહિતના લાભો અપાયા. વલસાડના ભેંસધરા અને ભરૂચમાં પણ સેવા સેતુ કાર્યક્રમનું યોજાયા. તો નડિયાદ અને અમરેલીમાં પણ શહેરી સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરાશે.

# BHADRAVI POONAM MELO

અંબાજી ખાતે ચાલી રહેલા ભાદરવી પૂનમ મેળાના બીજા દિવસે અંદાજે 4 લાખથી વધુ માઈભક્તોએ મા અંબાના દર્શન કર્યા છે. બનાસકાંઠાના કલેક્ટર મિહિર પટેલે જણાવ્યું હતું કે, ભાદરવી પૂનમ મેળાના બીજા દિવસે મંદિરના શિખર પર **337** ધ્વજાઓ ચઢાવવામાં આવી.

## BYTE: MIHIR PATEL, COLLECTOR

આમ મેળામાં બે દિવસમાં કુલ 8 લાખથી વધુ ભક્તોએ દર્શન કર્યા છે

# MAHESANA – PRAVIN MALI

પ્રભારી મંત્રી પ્રવીણ માળીએ મહેસાણામાં અંબાજી પદયાત્રી સેવા કેમ્પોની મુલાકાત લીધી. આ પ્રસંગે તેમણે ભાદરવી પૂનમના મેળામાં જતા પદયાત્રીઓને સુરક્ષા અને પર્યાવરણ જાળવણીનો સંદેશ આપ્યો હતો.

# HIMMATNAGAR ACCIDENT

સાબરકાંઠાના હિંમતનગરમાં દોલગઢ પાટિયા પાસે અંબાજી જઈ રહેલા પદયાત્રીઓને કારચાલકે અડફેટે લેતાં એકનું મોત, જ્યારે 10થી વધુ પદયાત્રી ઇજાગ્રસ્ત થયા.

ઇજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા, જ્યાં એક પદયાત્રીનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ અંગે જિલ્લા પોલીસ વડા પાર્થરાજ ગોહિલે વધુ માહિતી આપી.

**BYTE - PARTHARAJ GOHIL, POLICE CHIEF**

# AMBAJI MELO – HIMMATNAGAR HIGHWAY ONE WAY

અંબાજી જતાં પદયાત્રીઓની સલામતી માટે સાબરકાંઠા પોલીસ દ્વારા હિંમતનગરના મહેતાપૂરથી ખેરોજ સુધીના હાઇવેને સિંગલ લેનનો કરાયો છે.

રાત્રિ દરમિયાન અકસ્માતોને રોકવા પદયાત્રીઓને રિફલેક્ટર જેકેટ અપાઈ રહ્યા છે. આ રુટ પર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હોવાનું **DYSP** પાયલ સોમેશ્વરે જણાવ્યું હતું.

**BYTE - PAYAL SOMESHWAR, DYSP**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

…………………………………

# SEVA SANKALP-AYUSHMAN BHARAT

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જનસેવા દ્વારા દેશ સેવાના મંત્ર અને નિરંતર પ્રતિબદ્ધતાથી જાહેર સેવાના 25 વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. આ પ્રસંગે અમે સેવા સંકલ્પ અભિયાનની વિશેષ શ્રેણી પ્રસારિત કરી રહ્યા છે. આ કડીમાં આજે અમે માહિતી આપી રહ્યા છીએ આયુષમાન ભારત વિશે..**

## VOICE CAST: SANSKRUTI BHUNDIYA

*(વર્ષ **2018**માં શરૂ કરવામાં આવેલી આયુષ્માન ભારત–**PM-JAY** યોજનાએ ગરીબી અને આરોગ્ય વચ્ચેના સંબંધને બદલી નાખ્યો છે. દરેક પરિવારને વાર્ષિક **5** લાખ સુધીનું કેશલેસ આરોગ્ય કવર પૂરું પાડતી આ યોજના ભારતની સૌથી ગરીબ **40** ટકા વસ્તીને આવરી લે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે આયુષમાન ભારત ડિઝિટલ મિશન દ્વારા આરોગ્ય સેવાઓને ટેકનોલોજી સાથે જોડવામાં આવી રહી છે.*

## BYTE: NARENDRA MODI

*આ યોજનાનો લાભ મળતા લાભાર્થી ઘનશ્યામ પરમારે સરકારનો આભાર માન્યો હતો.*

## BYTE: BENEFICIARY

*આ યોજનાથી હવે ગંભીર બીમારી સામે સારવાર માટે આર્થિક સ્થિતિ અવરોધ બનતી નથી. સંસ્કૃતિ ભૂંડિયા આકાશવાણી સમાચાર અમદાવાદ)*

# WEATHER

રાજ્યમાં આગામી 6 દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. વરસાદને લઈને સૌરાષ્ટ્ર-કચ્છમાં યલો એલર્ટ અપાયું છે. માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. સરદાર સરોવર નર્મદા ડેમ તેની કુલ ક્ષમતાના 97.23 ટકા ભરાયો છે. રાજ્યના અન્ય 206 જળાશયોમાં કુલ 71.25% પાણીનો સંગ્રહ થયો છે.

મહીસાગરના કડાણા ડેમમાં પાણીની નવી આવક થતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ડેમમાં હાલ 6,500 ક્યુસેક પાણીની સતત આવક નોંધાઈ છે. કડાણા ડેમની વર્તમાન જળસપાટી 406.04 ફૂટે પહોંચી ગઈ છે.

દરમિયાન રાજ્યના કેટલાક તાલુકામાં વરસાદ વરસ્યો હતો. બોટાદ શહેર સહિત આસપાસના વિસ્તારોમાં ગઇકાલે મધ્યમ વરસાદ નોંધાયો હતો.

# PANCHMAHAL GHATNA

પંચમહાલના ઘોઘંબા તાલુકામાં વરસાદી ઘટનામાં એક વ્યક્તિનું મોત થયું છે. ઘોઘંબા તાલુકામાં ભારે વરસાદ અને વાવાઝોડાને કારણે મોંઘાપુરા ખાતે મકાન ધરાશાયી થતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા આધેડનું સારવાર દરમિયાન મૃત્યુ થયું છે. બનાવ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ASIAN GAMES - CRICKET

**એશિયન રમતોત્સવમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમ આજે જાપાનના નિશિનમાં સુવર્ણ ચંદ્રક જીતવાના ઇરાદે શ્રીલંકા સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ સવારે 10.30 વાગ્યે શરૂ થશે. ભારતે બાંગ્લાદેશ પર 114 રનથી વિજય મેળવીને, જ્યારે શ્રીલંકાએ પાકિસ્તાન પર વિજય મેળવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.**

# MODHVADIYA – PORBANDAR SAMIKSHA

વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ પોરબંદરના ઓડદર ખાતે વન વિભાગ દ્વારા વિકસાવવામાં આવી રહેલા સર્વોદય વન પ્રોજેક્ટની સ્થળ મુલાકાત લઈ ચાલી રહેલી કામગીરીની સમીક્ષા કરી. તેમણે પ્રોજેક્ટની કામગીરી નિર્ધારિત માપદંડો અનુસાર ઝડપથી પૂર્ણ થાય તે બાબતે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી.

શ્રી મોઢવાડિયાએ વનની મુલાકાત લેતા પ્રવાસીઓ માટે જરૂરી સુવિધાઓ અંગે પણ અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું.

# BHARUCH - FIRE STATION LOKARPAN

ધારાસભ્ય રમેશ મિસ્ત્રીના હસ્તે ભરૂચ નગરપાલિકાના જ્યોતિનગર ખાતે 4 કરોડ 88 લાખ રૂપિયાના ખર્ચે નવનિર્મિત જિલ્લા કક્ષાના અદ્યતન મોડલ ફાયર સ્ટેશનનું લોકાર્પણ કરાયું.

આ સાથે ફાયર બ્રિગેડના જવાનો માટે પરિસરમાં 21 આવાસ પણ બનાવવામાં આવ્યા છે. નવા કેન્દ્રથી ભરૂચ શહેર સહિત આસપાસના વિસ્તારોમાં કટોકટી સમયે ઝડપી બચાવ કામગીરી શક્ય બનશે. ઝાડેશ્વર, ભોલાવ અને તવરા ઉપરાંત હાઈરાઈઝ તથા ઔદ્યોગિક વિસ્તારોને પણ તેનો લાભ મળશે. લોકાર્પણ પ્રસંગે પાલિકાના પદાધિકારીઓ, અધિકારીઓ અને અગ્નિશામક દળના જવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# BABA RAMDEVPIR

પંચમહાલના ગોધરામાં બાબા રામદેવપીરની જન્મજયંતિ નિમિત્તે મારવાડી સમાજ દ્વારા ધાર્મિક શોભાયાત્રા યોજાઈ હતી. આ શોભાયાત્રા શહેરના વિવિધ મુખ્ય માર્ગો પરથી પસાર થઈ નિજ મંદિર ખાતે પહોંચી હતી. નિજ મંદિર ખાતે ધ્વજારોહણ બાદ મહાપ્રસાદનું આયોજન કરાયું હતું.

શોભાયાત્રામાં મારવાડી સમાજ ઉપરાંત સિંધી સમાજ સહિત વિવિધ સમાજના શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.